SHREE VASISHTHA VIDHYALAYA

Gujarati 2nd Language Worksheet 2026-27

Name: - ______________________________ Std.: - IV - ________

Roll No.: -_______ Revision Worksheet TA1 Date: - _________

અપઠિત ગદ્યાંશ

સરદાર વલ્લભભાઈ પટેલ ભારતના મહાન સ્વાતંત્ર્ય સેનાની અને નેતા હતા. તેમનો જન્મ ૩૧ ઓક્ટોબર, ૧૮૭૫ના રોજ ગુજરાતના નડિયાદમાં થયો હતો. તેઓ “લોખંડી પુરુષ” તરીકે ઓળખાતા હતા. તેમણે ભારતને અંગ્રેજોથી આઝાદ કરાવવા માટે મહાત્મા ગાંધીજી સાથે મળીને અનેક આંદોલનોમાં ભાગ લીધો હતો. આઝાદી પછી તેમણે દેશનાં અનેક રજવાડાંને એકત્ર કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેઓ ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી બન્યા હતા. તેમનું જીવન આપણને એકતા, હિંમત અને દેશપ્રેમની પ્રેરણા આપે છે. સરદાર પટેલનું અવસાન ૧૫ ડિસેમ્બર, ૧૯૫૦ ના રોજ થયું હતું.

પ્રશ્ન-૧ ઉપર ગદ્યાંશ પરથી નીચેના પ્રશ્નોના જવાબ લખો.

(૧) સરદાર વલ્લભભાઈ પટેલ કોણ હતા?

----

(૨) સરદાર પટેલનો જન્મ ક્યારે થયો હતો?

----

(૩) સરદાર પટેલનો જન્મ ક્યાં થયો હતો?

----

(૪) સરદાર પટેલ કયા નામથી ઓળખાતા હતા?

----

(૫) ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી કોણ હતા?

પ્રશ્ન-૨ પાઠના આધારે નીચેના વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવો.

(૧) બચેન્દ્રીએ પરત આવવા માટે ૧ વાગીને ૪૫ મિનિટે યાત્રા આરંભ કરી. [ ]

(૨) એવરેસ્ટની ટોચ પર એટલી જગ્યા નહોતી કે બે વ્યક્તિ સાથે સાથે ઉભી રહી શકે. [ ]

(૩) કબડ્ડીની રમત વૃદ્ધો રમે છે. [ ]

(૪) બાળકને દુ:ખી જોઈને માતા પણ દુ:ખી થાય છે. [ ]

(૫) બચેન્દ્રી ફક્ત ત્રણ કલાકમાં જ નીચે ઉતરી ગઈ હતી. [ ]

(૬) કબડ્ડીમાં જે દળના વધારે અંક બને છે તે હારી જાય છે. [ ]

પ્રશ્ન-૩ પાઠના આધારે નીચેની ખાલી જગ્યા પૂરો.

(૧) ----------------------------- આપણને ભીનામાંથી સુકામાં સુવાડે છે.

(૨) દાદાજી બાળપણમાં ----------------------------- રમત રમતા હતા.

(૩) ----------------------------- એ બચેન્દ્રીના રેગ્યુલેટર પર ઓક્સિજનનું પ્રમાણ વધારે કર્યું.

(૪) ભગવાન રામે ----------------------------- નો વધ કર્યો હતો.

(૫) માતા ----------------------------- એ નવ દિવસ મહિષાસુર સાથે યુદ્ધ કર્યું.

(૬) ભગવાન રામના પત્ની માતા ----------------------------- રાવણે અપહરણ કર્યું હતું.

પ્રશ્ન-૪ યોગ્ય વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.

(૧) કબડીની રમત રમવામાં બંને દળોને કેટલો સમય મળે છે?

(અ) ૨૦-૨૦ મિનિટ (બ) ૩૦ ૩૦ મિનિટ (ક) ૨૫-૨૫ મિનિટ

(૨) અંગદોરજી અને બચેન્દ્રીપાલ સાઉથકોલ પર સાંજે કેટલા વાગ્યા સુધીમાં પહોંચી ગયા?

(અ) પાંચ (બ) સાત (ક) છ

(૩) કોઈ કબડ્ડી ટીમમાં કેટલા ખેલાડીઓ હોય છે?

(અ) પાંચ - પાંચ (બ) સાત - સાત (ક) છ -છ

પ્રશ્ન-૫ એક વાક્યમાં જવાબ લખો.

(૧) બરફ દૂર કરવા બચેન્દ્રીએ શેનો ઉપયોગ કર્યો?

----

(૨) કોઈ ખેલાડી ઇજાગ્રસ્ત થાય તો તેની જગ્યાએ કોણ રમે છે?

----

(૩) કોઈ કબડ્ડી ટીમ પોતાના ખેલાડી કેટલી વાર બદલી શકે છે?

----

(૪) કવિ દલપતરામ કોના સ્નેહની વાત કરી રહ્યા છે?

પ્રશ્ન-૬ નીચેની સંખ્યાને અંકમાં લખો.

(૧) ઓગણીસ- ------------ (૨) બાવન - ------------ (૩) છવ્વીસ - ------------

પ્રશ્ન-૭ નીચેની સંખ્યાને શબ્દમાં લખો.

(૧) ૪૫ - ------------ (૨) ૪૭ - ------------ (૩) ૫૦ - ------------

પ્રશ્ન-૮ સમાનાર્થી શબ્દો લખો.

(૧) જનની- ------------ (૨) બાળક - ------------ (૩) ખેલ - ------------

પ્રશ્ન-૯ વિરોધી શબ્દો લખો.

(૧) ગુણ × ------------ (૨) મીઠું × ------------ (૩) શુદ્ધ × ------------

પ્રશ્ન-૧૦ જોડણી સુધારો.

(૧) હોકી - ------------ (૨) દુખી- ------------ (૩) વિસ્વાસ- ------------

પ્રશ્ન-૧૧ નીચેના વાક્યોમાંથી સંજ્ઞા શોધીને લખો.

(૧) પ્રાણીઓ જંગલમાં રહે છે. ------------ (૩) મહેલ સુંદર છે. ------------

(૨) ગુજરાત આપણું રાજ્ય છે. ------------ (૪) ગિરનાર ઊંચો પર્વત છે. ------------

પ્રશ્ન-૧૨ નીચેના વાક્યોમાંથી ક્રિયા શોધીને લખો.

(૧) મોર નાચે છે. ------------ (૩) મગર પાણીમાં તરે છે. ------------

(૨) વિદ્યાર્થી શાળાએ જાય છે. ------------ (૪) સસલું દોડે છે. ------------

પ્રશ્ન-૧૩ વચન ઓળખો.

(૧) ચકલીઓ------------ (૨) હાથી ------------ (૩) ફૂલો ------------

પ્રશ્ન-૧૨ વચન બદલો.

(૧) કાચબો - ------------ (૨) મંદિર - ------------ (૩) બકરી - ------------